કલોલના મહે.નામદાર શ્રી એ.પી. ડેર જજ સાહેબ મજુર અદાલત સમક્ષ, કલોલ.

રેફરન્સ(ટી)કેસનં.:–૮૦/૨૦૧૫

આંક:– ૧૩

પ્રથમ પક્ષકાર :– હિટાચી હોમ એન્ડ લાઈફ સોલ્યુશન(ઇ) લી.,
મું.કરણ નગર, તા. કડી, જી. મ હેસાણા.

વિરૂધ્ધ

બીજા પક્ષકાર :– જીતેન્દ્ર જી. ગોહીલ,
મું.કરજીસણ, તા.કડી, જી.મહેસાણા.

પ્રથમ પક્ષકાર તરફે : વિ. વ. શ્રી કે.એચ.પટેલ.
બીજા પક્ષકાર તરફે : વિ. પ્રતિનિધી શ્રી અમરીશ પટેલ.

**:: એવોર્ડ ::**

(૧) હાલની ઔધોગીક તકરાર ન્યાય નિર્ણય માટે અત્રેની શ્રમ અદાલતને મદદનીશ શ્રમઆયુકત, મહેસાણા તરફથી પત્રનં. કે.એચ./એસ.એચ.એમ.સી./એ.જે. ૭૦/૨૦૧૫ તા.૩૧/૦૮/૨૦૧૫ ના રોજ મોકલવામાં આવેલ જેની અનુસૂચિ નીચે પ્રમાણે છે :

:: અનુસૂચિ ::

" શ્રી જીતેન્દ્ર જી. ગોહીલને પડેલા દિવસોનાં પગાર સહિત નોકરીનાં મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?"

(૨) સદર રેફરન્સ અત્રેની કોર્ટમાં આવ્યા બાદ બીજા પક્ષકાર તરફે આંક–૬થી માંગણા નિવેદન રજુ કરી જણાવેલ છે કે, તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થામાં બે વર્ષથી ફરજ બજાવતા હતા અને બીજા પક્ષકારે કાયદેસરના હકકોની માંગણી કરતાં અને રેફરન્સ (આઈ.ટી.) નં.૨૪૧/૨૦૧૨ ના એવોર્ડ પ્રમાણે લાભોની માંગણી કરતાં તા.૧૩/૦૧/૨૦૧૩ના રોજથી નોકરીમાંથી મૌખિક હુકમથી છુટા કરી દીધેલ. વધુમાં બીજા પક્ષકાર તરફે રજુઆત છે કે, પ્રથમ પક્ષકારે નોકરીમાથી છુટા કરતા અગાઉ કોઈ નોટીસ કે નોટીસ પગાર કે છટણી વળતર આપેલ નથી, કોઈ ખાતાકીય તપાસ હાથ ધરેલ નથી અને તદન ગેરકાયદેસર રીતે છુટા કરેલ છે. સદર રેફરન્સ કેસ ન્યાય નિર્ણય

માટે અત્રેની કોર્ટને સુપરત કરવામાં આવેલ છે. અને તેમાં બીજા પક્ષકારે ઉપર મુજબનું માંગણી નિવેદનની રજુઆત કરી તે મુજબની દાદ માંગેલી છે.

(૩) આ કામે પ્રથમ પક્ષકારને નોટીસ બજતા પ્રથમ પક્ષકાર તરફે હાજર થઈ આંક–૮થી જવાબ રજુ કરી બીજા પક્ષકારના માંગણા નિવેદનની હકીકતોનો ઈન્કાર કરી બીજા પક્ષકારને તેઓની સંસ્થામાં રેફરન્સ (આઈ.ટી.) નં.૨૪૧/૨૦૧૨ ના તા.૧૨/૧/૧૩ ના સમાધાન એવોર્ડ પ્રમાણે હાજર થયેલ ન હતા, તેમ જણાવી રેફરન્સ કેસ ખર્ચ સહીત રદ કરવા વિનંતી કરેલ છે.

(૪) આ કામે બીજા પક્ષકાર તરફે હાજર નહી રહેતાં પુરતી તક આપ્યા બાદ તેમનો પુરાવો રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલ.

(૫) આ કામે પ્રથમ પક્ષકાર તરફે કોઈ મૌખિક પુરાવો રજુ કરેલ નથી, પરંતુ આંક ૧૨થી કલોઝીગ પુરશીશ રજુ થયેલ છે.

(૬) હાલના કામે બીજા પક્ષકારનો દલીલનો હકક બંધ કરેલ છે તથા પ્રથમ પક્ષકાર તરફે તેઓના વિ.વ.શ્રીએ પક્ષનિવેદનને અનુરૂપ દલીલ કરેલ છે.

(૭) હાલના કામે રેકર્ડ વંચાણે લઈ ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદા કાઢવામાં આવે છેઃ

- મુદાઓઃ–

(૧) શું બીજા પક્ષકાર તેમના પડેલા દિવસોના પગાર સહીત નોકરીમા મુળ જગ્યાએ પુનઃસ્થાપનની દાદ મેળવવા હકદાર છે ?

(૨) શું હુકમ ?

- ઉપરોકત મુદાઓના મારા જવાબો નીચે પ્રમાણે છેઃ

૧) મુદા નં.૧ "નકારમાં"

૨) મુદા નં.૨ આખરી હુકમ મુજબ.

(૮) **:: મુદાઓના નિર્ણયના કારણો ::**

હાલના કામે રેકર્ડ વંચાણે લેતાં, બીજા પક્ષકારનું આંક–૬ નું માંગણા નિવેદન, પ્રથમ પક્ષકાર નો જવાબ વગેરે વંચાણે લેતા બીજા પક્ષકારને પુરતી તક મળવા છતાં તેમના માંગણા નીવેદનમાં જણાવ્યા મુજબની પક્ષ નિવેદનની હકીકતો પુરવાર કરવા મૌખિક પુરાવો રજુ કરેલ નથી અને પુરાવો રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે, જેથી બીજા પક્ષકારની માંગણા નિવેદનની હકીકતો પુરાવાના અભાવે માની શકાય નહી. પરંતુ પ્રથમ પક્ષકાર તરફે આંક–૮ ના જવાબમાં બીજા પક્ષકાર અને પ્રથમ પક્ષકાર વચ્ચે કામદાર માલીકના સબંધો હોવા પુરતી હકીકત સ્વીકારેલ છે તે સંજોગોમાં બીજા પક્ષકાર પ્રથમ પક્ષકારના કામદાર હોવા પુરતી હકીકત માની શકાય. પરંતુ બીજા પક્ષકારે સતત અને સળંગ નોકરી કરેલ હોવાની તથા ગેરાકાયદેસર છુટા કર્યાની હકીકતનો પ્રથમ પક્ષકારે જવાબમાં ખંડન કરેલ છે અને બીજા પક્ષકારે મૌખિક પુરાવાથી પક્ષ નિવેદનની હકીકત પુરવાર કરેલ નથી. હવે જયારે બીજા પક્ષકારે તમનો કેસ પુરાવાથી પુરવાર કરેલ ન હોય ત્યારે પ્રથમ પક્ષકાર ઉપર સદર માંગણા નિવેદનની હકીકતોનું ખંડન કરવાનો બોજો નથી. આમ, ઉપરોકત રીતે બીજા પક્ષકાર સળંગ નોકરીથી પુનઃસ્થાપિત થવા કે અન્ય કોઈ પ્રકારની દાદ મેળવવા હકકદાર નથી તેવું આ કોર્ટ નું નમ્ર માનવું હોય અને તે રીતે મુદા નં. ૧ નો નિર્ણય નકારમાં આપી, મુદા નં.ર સંદર્ભે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છેઃ

**:: આ ખ રી હુ ક મ ::**

૧. બીજા પક્ષકારનો રેફરન્સ નામંજુર કરવામાં આવે છે.

ર. કેસના સંજોગો ઘ્યાને લઈ ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

(અશ્વિનકુમાર પરબતભાઈ ડેર)
ન્યાયાધીશ
શ્રમ અદાલત, કલોલ.
જજ કોડ નં. ૦૦૯૯૯.

કલોલ
તા. ૦ર/૦૪/ર૦ર૧